મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે જિલ્લાકક્ષાનો ઊર્જા ઉત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત ઉર્જા વિકાસ એજસી ના ઉપક્રમે ગુજકોસ્ટ માન્ય જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગ સાયન્સ સેન્ટરના ઉપક્રમે મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર:૧૬ ખાતે જિલ્લા કક્ષાના ઉર્જા ઉત્સવનું આયોજન કરવામાં આવેલ છે. આ ઉત્સવમાં જિલ્લાની ૯૦ જેટલી શાળાઓના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે. ગુજરાત ઉર્જા વિકાસ એજસી દ્વારા ૨૦૦૪ થી શાળાઓમાં બાલઉર્જા રક્ષક દળ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓને ઉર્જા પ્રત્યે જાગૃત બને અને ઉર્જા સંરક્ષનનું મહત્વ સમજે તે હેતૂથી દરેક જિલ્લાઓમાં " અવેરનેસ જનરેશન પ્રોગ્રામ ઓન સસ્ટેનેબલ એનર્જી "કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લાની ૯૦ શાળાઓમાં નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ પ્રવૃતિઓ દ્વારા વિધ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા છે.

તારીખ ૧૨મી ફેબ્રુઆરી ને બુધવારના રોજ સવારે ૯થી બપોરના ૩ વાગ્યા દરમ્યાન મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર:૧૬, ગાંધીનગર ખાતે યોજાનાર આ કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે જેડા સિનિયર ઓફિસર એસ. બી. પાટિલ, અતિથિ વિશેષ તરીકે જિલ્લા તાલીમ ભવન ગાંધીનગરના પ્રિન્સિપાલ ડો. આઈ.વી.પટેલ, નટુભાઈ વી.લાડાણી (કો ઓર્ડિનેટર, મહાત્મા ગાંધી સ્કૂલ), ડો.અનિલ પટેલ (મેનેજિંગ ટ્રસ્ટી, નિસર્ગ) વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ ઊર્જા ઉત્સવમાં ઉર્જા જાગૃતિ રેલી, ઉર્જા રમત, ઉર્જા ચિત્ર સ્પર્ધા,ઉર્જા ક્વિજ,ઉર્જા પ્રદર્શન, ઉર્જા ફિલ્મ શો જેવા વિવિધ કાર્યક્રમો થશે અને વિદ્યાર્થીઓ તેમાં ભાગ લેશે. સ્પર્ધાઓમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે મોમેન્ટો અને પ્રમાણપત્રો આપવામાં આવશે. સમગ્ર કાર્યક્રમના આયોજનમાં શાળાના આચાર્ય એલ વી રાતડીયા તથા નિસર્ગ સાન્યસ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલ સંકલન કરી રહ્યા છે.

સમર્પણ કોલેજમાં માઈક્રોબાયોલોજી વર્કશૉપ

ગાંધીનગર, તા. ૧૦

સમર્પણ સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના માઈક્રોબાયોલોજી વિભાગ દ્વારા હેન્ડ્સ ઓન ટ્રેઈનિંગ ઓન ફોલ્ડસ્કોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને પેપરમાંથી માઈક્રોસ્કોપ બનાવવાની ટ્રેનિંગ આપવામાં આવી હતી. વર્કશૉપમાં બાપુ ગુજરાત નોલેજ વિલેજ, કડી સર્વ વિદ્યાલયના પોસ્ટ ગ્રેજ્યુએશન અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ અને સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીઝે ભાગ લીધો હતો.

આ વર્કશોપની સફળતા માટે સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, પ્રિન્સિપાલ રીતુ સક્સેનાના માર્ગદર્શનમાં ડૉ. માર્ગી રવીશ ભટ્ટ, સોનિકા શેરોન, જસપાલ રાઠોડ, હિરલ વેદ અને સિદ્ધાર્થ પંડ્યા આયોજન, સંચાલન કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

સરોજબેન કેતનકુમાર પટેલ
મો. ૬૩૫૨૦ ૮૭૯૨૩

કુસુમબેન જોષી
લાયોનેસ ક્લબ

સ્મિત મ્યુઝિક દ્વારા ૧૬મીએ યોજાશે સુહાના સફર ઔર મૌસમ હસીં કાર્યક્રમ

સૌ સંગીતરસિકોને કાર્યક્રમ માણવા સંસ્થા તરફથી ઈજન

ગાંધીનગર, તા. ૧૦

અંધશાળાનાં બાળ કલાકારોને પ્રોત્સાહન આપવા માટે સ્મિત મ્યુઝિક ક્લબ દ્વારા ૧૬મી ફેબ્રુઆરીના રોજ રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર હૉલ ખાતે થીમ બેઝ્ડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 'સુહાના સફર ઔર મૌસમ હસીં' શિર્ષક હેઠળ યોજાઈ રહેલા આ કાર્યક્રમમાં શિર્ષક અનુસારનાં ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવશે.

અંધશાળાનાં બાળકો સાથે સંસ્થાના જયંતીભાઈ, ઘનશ્યામભાઈ, મુખ્ય પ્રયોજક ઉમિયા ઈલેક્ટ્રીકલના કનુભાઈ પટેલ, મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, જગતભાઈ કારાણી, હસમુખ પટેલ, કિશોર સર સહિત મહાનુભાવો પધારશે. આ શો માણવા માટે કોઈ પ્રકારની ફી રાખવામાં આવી નથી. સૌ સંગીત રસિકોને કાર્યક્રમ માણવા માટે સ્મિત મ્યુઝિક તરફથી જ્યોતિ ગજ્જર, ભરત ગજ્જરે આમંત્રણ પાઠવ્યું છે.

જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલયમાં ૧૨મીએ મોટીવેશનલ સેમિનાર

ગાંધીનગર, તા. ૧૦

શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય સેક્ટર ૭, ગાંધીનગર ખાતે સંસ્થાના પ્રમુખ તથા ઉપપ્રમુખ શ્રી દ્વારા નિર્મિત ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા ભયમુક્ત, તણાવમુક્ત રહીને આપે ને જળહળતી સફળતા મેળવે તે માટે ૧૨મી ફેબ્રુઆરીના રોજ મોટિવેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

વક્તા તરીકે સંજય ભાઈ રાવલ ઉપસ્થિત રહેશે. શાળામાં અભ્યાસ કરતા સૌ વિદ્યાર્થીઓને તેમના વાલીઓ સાથે આ કાર્યક્રમનો લાભ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

બીબીએ કોલેજના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ પ્રાપ્ત થયું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સ્થિત કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બીપી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) નાં વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ માટે કોલેજ ખાતે કાર્યક્રમ યોજાયો.વિદ્યાર્થીઓનાં અભ્યાસની સાથે-સાથે કોર્પોરેટ જગત નો પ્રાયોગિક અનુભવ થાય એ હેતુ થી કોર્પોરેટ ની મુલાકાત તેમજ તાલીમ અને ત્યારબાદ જોબ પ્લેસમેન્ટ જેવા કાર્યક્રમો કોલેજ સતત કરતી રહે છે તેમજ વિદ્યાર્થીઓ અને કોર્પોરેટ-જગત સાથે સતત તાદાત્મ્ય જાળવી રાખે છે. બીબીએ નાં ૧૯ વિદ્યાર્થીઓ ની ઉપરોક્ત પ્રતિષ્ઠિત કંપની માં ઈન્ટરવ્યું આપ્યા હતા જેમાંથી ૧૦ ની પસંદગી થઈ હતી. ઉપરોક્ત વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા વિશેષ તાલીમ સત્રનું આયોજન કરવા માં આવે છે. જેથી વિદ્યાર્થીઓ કોર્પોરેટ વાતાવરણ માટે તૈયાર થઈ વિવિધ ક્ષેત્રે કંપનીઓ માં કાર્યરત થઈ શકે.

પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટી ના હેડ ડો.જયેશ તન્ના દ્વારા કંપનીને આમંત્રિત કરવા માં આવી હતી. કંપની તરફથી નીલોફરબેન (એચઆર હેડ, ગુજરાત) દ્વારા સંપૂર્ણ સહકાર સાંપડ્યો હતો. એચ.આર. એક્ઝિક્યુટીવ શુક્લાને કાર્યક્રમમાં આવકારવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ ૩૦ દિવસ કાર્ય કરી અનુભવ મેળવશે. વિદ્યાર્થીઓની પ્રી ઈન્ટર્નશિપ તાલીમ દરમ્યાન જે કાર્યવિશેષ સોંપવા માં આવે તેના તમામ પાસાઓની સમજ અહીં તાલીમ દરમ્યાન ઊંડાણપૂર્વક આપવામાં આવી હતી. ઉપરોક્ત તાલીમશિબિરમાં પ્રેઝન્ટેશન તમજ સોફ્ટસ્કીલ, કમ્યુનીકેશન બાબતે તાલીમ આપવા માં આવી હતી. તમામ વિદ્યાર્થીઓ ને કંપની તરફથી પ્રમાણપત્ર આપવામાં આવશે. સ્નાતક કક્ષાએ પ્લેસમેંટ તેમજ ઈન્ટેન્શીપ કરાવતી ગુજરાત ની પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે બીબીએ કૉલેજનું કાર્ય અદભૂત કહી શકાય. વિદ્યાર્થીઓ અભ્યાસની સાથેસાથે પ્રેક્ટિકલ જ્ઞાન આ ઈન્ટર્નશીપ દ્વારા મેળવશે અને આ ૩૦ દિવસમાં તાલીમ મેળવી મેનેજમેન્ટ અભ્યાસક્રમ સાથેસાથે પ્રેક્ટીકલ જ્ઞાન મેળવવાના અભિગમનો સદુપયોગ કરશે. દેશની નામાંકિત કંપનીઓ બીબીએના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ માટેપ્રથમ પસંદગી આપે છે પણ બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓનું શિસ્ત, વ્યવહાર તેમજ જ્ઞાનને ધ્યાનમાં રાખી અનેક પ્રતિષ્ઠિત કંપનીઓમાં વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપનો મોકો મળ્યો છે જે વિદ્યાર્થીઓ તેમજ કૉલેજ માટે ગૌરવની બાબત છે. આ ઈન્ટર્નશીપ દરમિયાન વિદ્યાર્થીઓ મેનેજમેન્ટના વિવિધ ક્ષેત્રે સુચારુ સંચાલન કરશે. વિદ્યાર્થીઓ ઈન્ટર્નશીપ દ્વારા મેનેજમેન્ટના અભ્યાસક્રમમાં જ ઈવેંટ મેનેજમેન્ટ સહીત મેનેજમેન્ટ ના તમામ ક્ષેત્રના ગુણો શીખે છે.

સરસ્વતી સાયન્સ ઈન્સ્ટીટ્યુટમાં સૅલ્ફ ડિફેન્સ સૅમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૯

સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસમાં તા-૦૬-૦૨-૨૦૨૦ના રોજ કોલેજની વિદ્યાર્થિનીઓ માટે "વુમન્સ સેલ્ફ ડિફેન્સ" કાર્યક્રમ યાજવામાં આવ્યો હતો.

ઉજ્જવલ જયસ્વાલ (માર્શલ આર્ટ એક્સપર્ટ, ઋષિરાજ કરાટે કુન્ગ-ફૂ. ફાઉન્ડેસન) દ્વારા વિદ્યાર્થિનીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ આપવામાં આવી હતી. તેમણે સેલ્ફ ડિફેન્સ વિષે વિદ્યાર્થિનીઓમાં જાગૃતતા કેળવાય તથા કોઈ પણ મુસીબત સમયે પોતાનો બચાવ કેવી રીતે કરવો તેની રસભર જાણકારી આપી હતી. આ પ્રોગ્રામ દરમિયાન વિવિધ પ્રકારની સ્વરક્ષણ આવડતો શિખવાડવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓને આકસ્મિક બનાવો સામે કઈ રીતે સામનો કરવો તે અંગે સમજ કેળવવામાં સહાય મળી હતી. સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓમાં આ કાર્યક્રમ માટે રસ જોવા મળ્યો હતો તથા આવા કાર્યક્રમ કોલેજમાં હજુ પણ વધારે થાય તેવો અભિપ્રાય તેમણે આપ્યો હતો.

૧૫મી ફેબ્રુઆરીએ અમદાવાદ ખાતે

દિલીપ રાવલના નાટ્યસંગ્રહ 'સ્વપ્નોત્સવ'નો વિમોચન સમારોહ

ગાંધીનગર, તા. ૧૦

સંસ્કારભારતી આયોજિત તા. ૧૫-૨-૨૦૨૦ ને શનિવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ ખાતે સુપ્રસિદ્ધ નાટ્યકાર દિલીપ રાવલના નાટ્યસંગ્રહ 'સ્વપ્નોત્સવ'ના વિમોચન સમારોહનું આયોજન થયું છે. સાહિત્ય રસિકોને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



પુસ્તકનું વિમોચન 'હેલ્લારો'ના દિગ્દર્શક અભિષેક શાહ કરશે. જાણીતા કટાર લેખક ભવેન કચ્છી અતિથિવિશેષ અને સાહિત્યસંસદ ઓફ નોર્થ અમેરિકાના પ્રમુખ વિજય ઠક્કર અધ્યક્ષ તરીકે વક્તવ્ય આપશે. સુપ્રસિદ્ધ ગાયિકા ડૉ. ફાલ્ગુની શશાંક રંગભૂમિનાં ગીતો પ્રસ્તુત કરશે અને રંગભૂમિના જાણીતા કલાકારો સર્વશ્રી જૈમિની ત્રિવેદી, કિરીટ પંડ્યા, કામિની પટેલ, જીગ્નેશ મોદી, કશ્યપ પાઠક, તન્મય ખરસાણી વગેરે વાચિકમનો વરસાદ કરશે. આ પ્રસંગે ગોપાલ બારોટ દિગ્દર્શિત અને દિલીપ રાવલ લિખિત નાટક 'મોજ કરી લો યાર'ની પ્રસ્તુતિ થશે. સંકલન સુપ્રસિદ્ધ શાયર હરદ્વાર ગોસ્વામી અને સંચાલન જાણીતા શિક્ષણવિદ ડૉ. જયેન્દ્રસિંહ જાદવ કરશે. ભાવકો વિના મૂલ્યે આ કાર્યક્રમ માણી શકશે.

ઓમ કમ્યુનિકેશનના ઉપક્રમે અમદાવાદમાં વિનોદિની નીલકંઠનો જન્મદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૦

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તારીખ રવિવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે ગોવર્ધન સ્મૃતિ મંદિર સભાગૃહ ગુજરાતી સાહિત્ય પરિષદ આશ્રમ રોડ અમદાવાદ ખાતે નવલકથાકાર, નિબંધકાર, નવલિકાકાર, બાળસાહિત્ય લેખક, પત્રકાર વિનોદિની રમણભાઈ નીલકંઠના ૧૧૪મા જન્મદિન પ્રસંગે 'ઘર ઘરની જ્યોત' સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિનોદિની નીલકંઠના પુત્ર સુકુમાર પરીખે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. વિનોદિની નીલકંઠનાં પુત્રી રંજના પેંઢારકરે વિનોદિની નીલકંઠના જીવન અને પત્રકારત્વ વિશે તેમજ વિનોદિની નીલકંઠના કથા-સાહિત્ય વિશે મીનલ દવેએ, નિબંધકાર : વિનોદિની નીલકંઠ વિશે સંધ્યા ભટ્ટે અને વિનોદિની નીલકંઠનું બાળસાહિત્ય વિશે શ્રદ્ધા ત્રિવેદીએ વક્તવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાહિત્યકારો મકરંદ મહેતા, રજનીકુમાર પંડ્યા, સતીશ વ્યાસ, પ્રફુલ્લ રાવલ, શૈલજા કાલેલકર પરીખ, પારુલ દેસાઈ, શીરીન મહેતા, મેહુલ ત્રિવેદી, ગિરીમા ઘારેખાન, રસીલા કડિયા, લાલુભા ચૌહાણ, લતા હિરાણી અને વિપુલ આચાર્ય, પ્રશાંત બારોટ, નમ્રતા શોધન, નિહારિકા આચાર્ય, મહેશ ડાભી, જ્યોતિ ડાભી, પુનિત મોઢા, પ્રતાપરાય સેવક, પીન્કેશ પટેલ, રશ્મિકાન્ત ભટ્ટ વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નહોતી.

(૧) સુકુમાર પરીખ (વિનોદિની નીલકંઠના પુત્ર) :

- તેઓ સંસ્કૃત ખુબ સારું જાણતા હતા.એટલે બહાર ફરવા જઈએ ત્યારે સંસ્કૃત શ્લોકો બોલીને અમને પ્રકૃતિ સાથે સારી અનુભૂતિ કરાવતાં.
- એમના વિચારોમાં અને સાહિત્યસર્જનમાં કાયમ સામાજિક નિસબત જોવા મળી છે.
- પ્રેમાનંદના એક વ્યાખ્યાનની પંક્તિ લઈને 'કદલીવન'એકમાત્ર નવલકથા લખી અને એક બાળક ગુમાવ્યાના શોકમાંથી બહાર આવેલા.

(૨) રંજના પેંઢારકર (વિનોદિની નીલકંઠના પુત્રી) :

- વિનોદિની નીલકંઠે ૧૩ વર્ષની વયે હસ્તલિખિત સામયિક'મુકુલ'થી લખવાની શરૂઆત કરી.
- બાળપણથી એમને લેખન પ્રત્યે રુચિ હતી પરંતુ ગણિત બહુજ નબળું હતું, ૨૧ વર્ષની ઉંમરે પહેલું પુસ્તક પ્રવેશક તરીકે 'રસદ્વાર'લખ્યું
- સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્રમાં એમ.એ ની પદવી મેળવી.
- 'ઘર ઘરની જ્યોત'કોલમ ૧૯૫૦થી લખવાની શરૂઆત કરી હતી.

ગાંધીબાપુની પ્રતિભાના કાલ્પનિક વિચાર

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ૧૫૦મા જન્મજયંતીના પર્વ પ્રસંગે અનેક પુસ્તકો પ્રગટ થઈ રહ્યાં છે. કેટલાંક સાવ નવાં તો કેટલાંક પુનર્મુદ્રણ પણ થયાં છે. ગાંધી વિષે ફિલ્મો, નાટકો અને પરિસંવાદો થતા રહ્યા છે. તાજેતરમાં જ ગુજરાત વિદ્યાપીઠ દ્વારા જનજાગૃતિ અભિયાન વડોદરાના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી નાટ્ય લેખન કાર્ય શિબિરમાં ઉપસ્થિત રહેવાનું બન્યું હતું. ચીલાચાલુ વિષયોની બહાર નીકળીને કંઈક નવા અભિગમ અને નવી થીમવાળું કંઈક નવું આપવાની મથામણ અનેક મહાનુભાવો દ્વારા ચાલી રહી છે, ત્યારે એક ઝબકાર સમું વિશિષ્ટ પુસ્તક હાથમાં આવ્યું તેની વાત કરવી છે.



મહાત્મા ગાંધીનો પુનર્જન્મ
લેખન-સંપાદન : રોહિત શાહ
પ્રકાશક : ગૂર્જર સાહિત્ય પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯, કિંમત : રૂા. ૧૮૦/-

મહાત્મા ગાંધીનો પુનર્જન્મ લેખક અને જાગૃત પત્રકાર રોહિત શાહ દ્વારા સંપાદિત આ પુસ્તકમાં તેમના સહિત કુલ ૧૨ ગાંધીવિચાર સાથે કોઈક અનુસંધાન ધરાવતા મહાનુભાવો તેમજ વિવિધ મનીષીઓના મનનીય વિચારો, અભિગમો, આગ્રહો અને ચિંતન આજના યુગ સંદર્ભમાં કેવા હોત તે માટે સંપાદકે વિવિધ મહાનુભાવોને આજની સમસ્યાઓ બાબતે તેર જેટલા પ્રશ્નો પૂછેલા. આજની આ તેર સમસ્યાઓના તટસ્થ ઉકેલ બાપુ પાસેથી આપણને કેવા મળ્યા હોત તે જાણવાની કોશિષ કરવામાં આવી. જે તે મહાનુભાવે ગાંધીજીને કેવી પ્રતિભા તરીકે ઓળખ્યા હતા તેના આધારે જ તેમણે જવાબ આપ્યા હોય તેમાં વિચારની એક નવી દિશા જરૂરથી મળી રહે છે.

પુસ્તકમાંથી પસાર થતાં અહીં ાપણને ઓમપ્રકાશ જી ઉદાસી, જ્યોતિબાઈ દેસાઈ, નગીનદાસ સંઘવી, પ્રકાશ ન શાહ, પ્રવીણ પંડ્યા, પ્રવીણ ક. લહેરી, ભદ્રાયુ વચ્છરાજાની, ભાણદેવ, મનસુખ સલ્લા, આચાર્ય રાજશેખર સૂરિ મહારાજ, સોનલ પરીખ વિગેરેના લેખોમાં તેમના વિચારો વિવિધ વિષયો અંગે બાપુનો મત શો હોત તે સંદર્ભે મળે છે. જેમાં અનામત વિશે આજે બાપુનો મત શો હોત ? પાકિસ્તાન જેવા દેશો સાથેના વ્યવહાર વિશે બાપુ શો નિર્ણય કરત ? કાશ્મીર સમસ્યા વિશે બાપુએ કેવો માર્ગ બનાવ્યો હોત? દરેક ભારતીય માટે કોમન એક્ટની બાપુએ ફેવર કરી હોત કે નહીં ? વસતી નિયંત્રણ વિશે બાપુએ શું કહ્યું હોત ? અને શું બાપુએ વિદેશી ચીજોનો બહિષ્કાર આજે પણ ચાલુ રાખ્યો હોત ? નેતાઓને વેતન અને પેન્શન આપવા બાબતે બાપુ સંમત હોત ખરા ? બાપુએ કમ્પ્યુટરનો ઉપયોગ કરવાનું પસંદ કર્યું હોત ? નારી-સ્વાતંત્ર્ય અને નારી શોષણની સમસ્યાનું બાપુએ કેવું સમાધાન આપ્યું હોત ? સોશિયલ મીડિયા બાબતે બાપુનો અભિગમ કેવો હોત? બિનસાંપ્રદાયિકતાની આજની અવદશા દૂર કરવા બાપુએ શું કર્યું હોત ? આજના શિક્ષણ વિશે બાપુના વિચારો કેવા હોત ?

પુસ્તક પરિચય

નટવર હેડાઉ
vanvihari@gmail.com

આ પુસ્તકમાં સંપાદકે મહાત્મા ગાંધીને કાલ્પનિક રીતે પુનઃજીવિત કરવાનો જે વિચાર મૂક્યો છે તે કાબિલેતારીફ છે. કેમ કે મહાત્મા ગાંધી પુનર્જન્મ લઈને આજે ફરીથી આપણી વચ્ચે આવે તો ? એ કલ્પના જ રોમાંચિત કરી મૂકે તેવી છે. ગાંધીજી જેવા ખુલ્લા મનના સિદ્ધાંતનિષ્ઠ મહામાનવને પુનર્જીવિત કરતી વખતે બંધિયાર દિમાગના બનવાનું કોઈને બિલકુલ ન જ પરવડે. કિન્તુ એ પણ એટલું જ સાચું છે કે આપણે એમને આખરે તો એ રીતે જ પુનર્જીવિત કરી શકીએ, જે રીતે અને જેટલા આપણે તેમને ઓળખ્યા કે સમજ્યા છે. અહીં જે લેખો સમાવ્યા છે તેના લેખકોએ પણ પોતાની સમજણની ફૂટપટ્ટીથી જ ગાંધીજીને અહીં પુનઃજીવિત કર્યા છે. તેમાં ભારોભાર મર્યાદાઓ પણ છે અને છલોછલ અહોભાવ પણ દેખાય છે પણ એ જ તો કદાચ આ પુસ્તકની રમણીયતા બની છે.

તેથી જ આ પુસ્તક ખુલ્લા મનથી નવા વિચારો અને નવા અભિગમો સ્વીકારનારા ગાંધી પ્રેમીઓને અર્પણ કરાયું છે. બાપુની શ્વેતશ્યામ તસવીરો ઉપરાંત લેખોના લેખોનો ટૂંકો પરિચય અને તસવીર પણ સંપાદકે મુકી આપી છે.

ગાંધીબાપુની પ્રતિભાને આધારે કાલ્પનિક વિચાર વિહાર કરાવતું આ પુસ્તક સૌ કોઈને વિચારની એક નવી બારી ઉઘાડી આપનારું નિવડશે તેવી શ્રદ્ધા સાથે પુસ્તકને આવકારું છું અને સંપાદક તેમજ પ્રકાશકશ્રીને અભિનંદન પાઠવું છું.